# 8. લોકશાહી દેશમાં સંસદની ભૂમિકા

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

**1) 'લોકશાહી' એટલે શું ? તેનું મુખ્ય લક્ષ્ય શું છે ?**

- લોકશાહી એટલે 'લોકોનું, લોકા માટે અને લોકો દ્વારા ચાલતું શાસન.' લોકશાહીમાં સામાન્ય રીતે દર પાંચ વર્ષે આપણા દેશમાં ચુંટણી યોજાય છે.
- તેમાં લોકો પોતાના પ્રતિનિધિઓ ચુંટી કાઢે છે. ચુંટેલા પ્રતિનિધિઓ સરકાર ઇચ્છાને ધ્યાનમાં રાખીને દેશનું શાસન ચલાવે છે.
- ચૂટેલા પ્રતિનિધિઓ સરકાર રચતા હોવાથી, લોકશાહીનું સંચાલન લોકો જ કરે છે. લોકશાહીમાં દેશના બધા લોકોના હાથમાં સાર્વભૌમત્વ હોય છે.
- લોકશાહીમાં લોકો પોતે જ પોતાના ભાગ્યવિધાતા છે.
- સાર્વભૌમત્વ એ લોકશાહીનું મહ્ત્વનું લક્ષણ છે. લોકશાહીમાં દેશના બધા લોકોના હાથમાં સાર્વભૌમત્વ હોય છે. લોકશાહીમાં લોકો પોતે જ પોતાના ભાગ્યવિધાતા છે.
- દેશના વધુમાં વધુ લોકોનું હિત સાધવું એ લોકશાહીનું મુખ્ય લક્ષ્ય છે.

**2) સંસદનાં બે ગૃહોમાં નીચલું ગૃહ કયું છે ?**

- સંસંદમાં બે ગૃહોમાં નીચલું ગૃહ લોકસભા છે.

**3) સંસદનાં મુખ્ય કાર્યો જણાવો.**

- **સંસદનાં કાર્યો :**
- તે સંઘ યાદી અને સંયુક્ત યાદીના વિષયો પર નવા કાયદા ઘડે છે, ચાલુ કાયદામાં જરૂરી ફેરફારો કરે છે અને બિનજરૂરી જૂના કાયદા રદ કરે છે.
- તે સરકારને પ્રશ્નો પૂછી, તેના કામકાજ વિશે જાણકારી મેળવે છે અને તેને નિયંત્રણમાં રાખે છે.

**4) સંસદસભ્યની જવાબદારી શું હોય છે ?**

- સરકારને તેનાં વહીવટી કાર્યો વિશે પ્રશ્નો પૂછવા એ સંસદસભ્યની મહ્ત્વની જવાબદારી છે.

5) **સંસદના પ્રશ્નોથી સરકારને શું જાણવા મળે ?**

- સંસદના સભ્યોએ પુછેલા પ્રશ્નોથી સરકારને પોતાના વહીવટની ખામીઓ, પ્રજાના પ્રશ્નો, તેમની મુશ્કેલીઓ અને હાડમારીઓ જણવા મળે છે.

6) **વિરોધપક્ષ લોકશાહીમાં કઈ રીતે અગત્યની ભૂમિકા ભજવી શકે છે ?**

- વિરોધપક્ષ સરકારની નીતિઓ અને વિકાસલક્ષી કાર્યક્રમોના અમલની ખામીઓ શોધીને લોકશાહીમાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

7) **ખરડો કાયદો ક્યારે બને છે ?**

- સંસનાં બંને ગૃહોએ પસાર કરેલા ખરડા ઉપર રાષ્ટ્રપ્રમુખ સહી કરે ત્યારે ખરડો કાયદો બને છે.

## 2. ખાલી જગ્યા પૂરો :

1) **સામાન્ય રીતે લોકસભાની ચૂંટણી દર ................ વર્ષે થાય છે.**

- પાંચ

2) **વડાપ્રધાનની નિમણૂક ............... કરે છે.**

- રાષ્ટ્રપ્રમુખ

3) **રાજ્યસભાના સભાપતિ તરીકે ............... કામગીરી કરે છે .**

- ઉપરાષ્ટ્રપતિ

## 3. તમારા ગામ, વિસ્તાર અને તાલુકાનો પાણી, વીજળી અને રોડ બાબતે કોઈ પ્રશ્ન હોય તો તમે કોને કોને કઈ કઈ રજૂઆત કરશો તે લખો :

- સૌપ્રથમ અમે અમારા તાલુકાના મામલતદારશ્રીને અને તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરીશું.
- એ પછી અમે અમારા જિલ્લાના કલેક્ટરશ્રીને અને જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરીશું.
- એ પછી અમે અમારા જિલ્લાના કલેક્ટરશ્રીને અને જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરીશું.
- એ સાથે અમારા તાલુકાના વિસ્તારના ધારાસભ્યશ્રીને રજૂઆત કરીશું.

- અંતે અમે અમારા જિલ્લાના સંસદસભ્યને રજૂઆત કરીશું.